# સદગમય ગૃપે સાબરમતીમાંથી ૧૦૦ કિલો પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં આજે રવિવારની સવારે ફરી એકવાર સદગમય ગૃપ દ્વારા આયોજિત "સાબરમતી કોલિંગ" સ્વચ્છતા અભિયાન અંતર્ગત પાંચમી સફાઇ ડ્રાઈવનું આયોજન શાહપુર બ્રિજ પાસે સાબરમતી નદીના પટમાં કરવામાં આવ્યું હતુ. આ સફાઇ ડ્રાઈવમાં સ્વયંસેવકોએ ૧૦ કોથળા ભરીને અંદાજે ૧૦૦ કિગ્રા જેટલો પ્લાસ્ટિક કચરો એકત્ર કરીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સેનેટરી વિભાગને સોંપ્યો હતો. સમગ્ર ડ્રાઈવમાં કુલ ૧૯ સ્વયંસેવકો જોડાયાં હતા.

એક "ડગલું પ્રકૃતિ તરફ - એક કલાક રાષ્ટ્ર માટે" જેવા ઉદેશ સાથે શહેરના સેવાભાવી યુવાનો દ્વારા "સાબરમતી કોલિંગ" નામે સ્વચ્છતા અભિયાન ચલાવાય છે. યુવાનોના આ અભિયાન અંતર્ગત ગાંધીનગરના સુજ્ઞ નાગરિકો અને વહીવટી તંત્રને આગામી ડ્રાઈવમાં સહયોગી થવા સદગમય મિત્રો દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

## પૂ.મોરારિબાપુના હસ્તે 'ભાષા મારી ગુજરાતી'ના બીજા અંકનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે દિનાંક ૧૩મે થી ૨૧મે દરમિયાન શિક્ષકોને સમર્પિત આયોજિત, 'માનસ-આચાર્ય' રામકથામાં વ્યાસપીઠ પરથી પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે દિનાંક ૨૦મે ૨૦૨૩ને શનિવારના રોજ 'ભાષા મારી ગુજરાતી' ત્રિમાસિકના બીજા અંકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ' માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને અન્ય ન્યાસીઓ તેમજ 'ભાષા મારી ગુજરાતી'ના તંત્રી દીપક પંડ્યા અને અન્ય સંપાદકગણ તથા માતૃભાષાપ્રેમી સાધકો તેમજ રામકથાપ્રેમી ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# સળંગ પાંચ શનિવારથી સ્વર્ણિમ પાર્કમાં યુવાનોના હનુમાન ચાલીસના પાઠ



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એક પ્રવૃત્તિશીલ નાગરિકોનું શહેર છે અને અહીં વડીલો હોય કે યુવાનો, પોતાના વ્યસ્ત સમયમાંથી પણ સમય કાઢીને કોઈને કોઇ સર્જનાત્મક કે સકારાત્મક પ્રવૃતિ કરતાં જોવા મળે છે. ભક્તિ-સત્સંગ એ માત્ર વડીલોનો જ ઈજારો નથી, આ શહેરના યુવાનો પણ પ્રભુ ભક્તિમાં લીન થવા તત્પર રહે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છેલ્લાં પાંચ શનિવારથી સ્વર્ણિમ પાર્કમાં ચાલી રહેલાં હનુમાન ચાલીસાના પાઠ છે.

આજના વ્યસ્ત ભર્યા જીવનમાં થોડો સમય પ્રભુ ભક્તિમાં લીન થવાનો એક અવસર છે. ગાંધીનગરના યુવાનોએ એકસાથે દર શનિવારે હનુમાન ચાલીસા પાઠ કરવાનું નક્કી કર્યું હતું એ ઉપક્રમ આજે છેલ્લા પાંચ શનિવારથી ચાલી રહ્યો છે. ગાંધીનગરની મધ્યમાં સ્વર્ણિમ પાર્ક (ઘ-૪)ના બગીચામાં યુવાનો સાથે સાથે વડીલો પણ એકઠાં થઈને હનુમાન ચાલીસાના પાઠ કરે છે. આ પાઠમાં સૌપ્રથમ રામધૂન બોલાવાય છે પછી હનુમાન ચાલીસા પાઠ કરાય છે અને છેલ્લે જય જયકાર કરીને સૌ છુટાં થાય છે. જે નાગરિકો આ યુવાનો સાથે જોડાવા માંગતા હોય તેઓ "હેલ્લો ગાંધીનગર" ગ્રુપનો સંપર્ક કરી શકે છે અથવા તો કપિલદેવ પારેખનો ૮૫૧૧૭૮૨૬૦૭ નંબર પર મેસેજ કરીને સંપર્ક સાધી શકે છે.

# નિરમા યુનિવર્સિટી ખાતે સેમિકન્ડકટર્સ એન્ડ ડિવાઈસીસ લેબોરેટરીનું અનાવરણ



ગાંધીનગર, તા.૨૧

નિરમા યુનિવર્સિટીના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્સ્ટ્રૂમેન્ટેશન એન્જિનિયરિંગ વિભાગમાં ૧૯મી મે, શુક્રવારના રોજ મિત્સુબીશી દ્વારા પ્રાયોજિત સેમિકન્ડકટર્સ એન્ડ ડિવાઈસીસ લેબોરેટરીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મિત્સુબીશી - સેમિકન્ડકટર્સ એન્ડ ડિવાઈસીસ વિભાગના જનરલ મેનેજર હિતેશ ભારદ્વાજ, એપ્લિકેશન એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ જનરલ મેનેજર પ્રદીપ બિષ્ટ અને સેલ્સ ડિપાર્ટમેન્ટના સિનિયર મેનેજર યોગેશ ભટારકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નવીન લેબોરેટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્સ્ટ્રૂમેન્ટેશન એન્જિનિયરિંગ વિભાગના વડા ડો. હિમાંશુ પટેલે જણાવ્યું કે "આ આધુનિક ઉપકરણોથી સમૃદ્ધ લેબોરેટરીએ વિદ્યાર્થીઓને અધ્યતન શૈક્ષણિક સુવિધા પૂરી પાડવાની નિરમા યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

નવીનતમ તકનીક અને સાધનોથી સજ્જ, આ લેબોરેટરી વિદ્યાર્થીઓને આધુનિક સ્વયંસંચાલન ક્ષેત્રમાં કુશળતા મેળવવા માટે સક્ષમ બનાવશે. આ લેબોરેટરીનો સમાવેશ થવાથી વિદ્યાર્થીઓને તકનીકી ક્ષેત્રમાં આધુનિક યંત્ર વિજ્ઞાનમાં સશક્ત કરવાના નિરમા યુનિવર્સિટીના મિશનને વધુ મજબૂત બનાવશે."

# એસજેપીઆઇ મેનેજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓની ઓદ્યોગિક મુલાકાત



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ચ-૦ સર્કલ નજીક સ્થિત એસજેપીઆઇ મેનેજમેન્ટ કોલજના વિદ્યાર્થીઓ તાજેતરમા તેમના અભ્યાસક્રમના ભાગરૂપે ઓદ્યોગિક મુલાકાતમાં જોડાયાં હતા. વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે ગોપાલ નમકીન તથા ગિફ્ટ સિટી ખાતે બીએસઇ સ્ટોક એક્ષચેન્જની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ્સ કરી હતી.

ઉલ્લેખનીય બાબત એ કે 'ભણતર સાથે ગણતર'ની ઉક્તિ સાચા અર્થે સાર્થક કરતાં એસજેપીઆઇ મેનેજમેન્ટ કોલેજના ડિરેકટર પ્રો.ડૉ.હરિશ્ચંદ્ર સિંગ રાઠોડની અથાગ જહેમતે અવારનવાર નવિનતમ માધ્યમો પ્રયોજાય છે, જેનો ભરપૂર લાભ વિદ્યાર્થીઓને સાંપડે છે. તાજેતરમાં કોલેજમાં એમ.બી.એ.ના કોર્ષમાં અભ્યાસ કરતાં બંને વર્ષનાં ૭૫ વિદ્યાર્થીઓએ રાજકોટમાં ગોપાલ નમકીન પ્રા.લી. ખાતે મુલાકાત લીધી હતી તો બીજી બાજુએ અત્રે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે બીએસઇ સ્ટોક એક્ષચેન્જની ૫૦ વિદ્યાર્થીઓએ એક મહત્વપૂર્ણ મુલાકાત પણ કરી હતી.

આ ઔદ્યોગિક મુલાકાતનું સંચાલન કોલેજના ફેકલ્ટીઝ ડૉ.ઉર્વી અમીન, ડૉ.કુણાલ જોષી, ડૉ.હિના થાનકી, ડૉ.નીતીષ કુમાર સિંગ તથા શ્રી હરપાલસિંહ ઝાલાએ સંભાળ્યું હતું.

# ગૂંજ ફાઉન્ડેશનના રક્તદાન કેમ્પમાં ૧૧૨ યુનિટ્સ રકત એકત્ર કરાયું

**યુવતીઓનું નોંધપાત્ર યોગદાન રહ્યું : એક મહિલા રક્તદાતા છેક વલસાડથી રક્તદાન કરવા આવ્યાં**



ગાંધીનગર, તા.૨૧

ઉનાળાની ગરમી દરમિયાન ઓછા બ્લડ ડોનેશનને કારણે લોહીની સર્જાતી અછતને અનુલક્ષીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્ત પુરવઠો જળવાય તે હેતુથી શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આજે સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી પાસે બ્રહ્મભવન હોલ ખાતે સવારે ૮થી બપોરે ૨ વાગ્યા સુધી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરમાં કુલ ૧૧૨ યુનિટ્સ રક્ત એકત્ર કરીને ગૂંજ ફાઉન્ડેશનના યુવાનોએ ખૂબ જ પ્રસંશનીય કાર્ય કરી દેખાડ્યું છે. ગૂંજ ફાઉન્ડેશનના રક્તદાન કેમ્પમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિત આસપાસના વિસ્તારમાંથી રકતદાતાઓ રકતદાન કરવા આવ્યાં હતાં. એક મહિલા રક્તદાતા તો છેક વલસાડથી માત્ર રક્તદાન કરવા ગાંધીનગર આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે આ રકતદાન કેમ્પમાં યુવતિઓએ નોંધપાત્ર સંખ્યામાં રક્તદાન કર્યુ હતું અને ધોમધખતો તડકો અને લગ્નસરાંની સીઝન હોવા છતાં રકતદાતાઓ ઉત્સાહપૂર્વક આ રક્તદાન કેમ્પમાં જોડાયાં હતા, એટલે સુધી કે રક્તદાન શિબિરનો સમય પૂર્ણ થઈ ગયો છતાં રક્તદાતાઓનું આગમન ચાલું રહ્યું હતું. આ રક્તદાન શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમે પુરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂંજ ફાઉન્ડેશન ગાંધીનગરમાં ઘણા વર્ષોથી રક્તદાનની સેવા પ્રવૃતિ માટે કાર્યરત છે અને તે થકી અસંખ્ય જરૂરિયાતમંદ દર્દીઓને રકતની જરૂરિયાતના સમયે મદદરૂપ બની ચુકી છે.

**ઇન્ટર ડિસ્ટ્રીક્ટ**

# મલ્ટિ-ડે ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૬ ટીમ ચેમ્પિયન

**ગાંધીનગરે સુરતને ૩ વિકેટે પરાજય આપ્યો : વેદ પટેલ ૩ રન માટે સદી ચુક્યો : યશ પંજવાણીએ બીજા દાવમાં ૬ વિકેટ ખેરવી : કર્મ પટેલની હાફ સેન્ચ્યુરી**



ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજીત રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ મલ્ટિ-ડે ૨૦૨૩ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-૧૬ની ટીમે ટ્રોફી જીતી લીધી છે. અમદાવાદના એનએમએસ ગ્રાઉન્ડ પર રમાયેલી મેચમાં જીડીસીએની અન્ડર-૧૬ની ટીમે સુરત જિલ્લાની ટીમને ફાઇનલ મેચમાં સુરત જિલ્લાની ટીમને ૩ વિકેટે કારમી હાર આપી હતી. અન્ડર-૧૬ વતી રમતા વેદ પટેલે ૯૭ રનની ઈનિંગ રમી હતી જ્યારે યશ પંજવાણીએ બીજા દાવમાં ૬ વિકેટ ઝડપી હતી. સુરત જિલ્લાની અન્ડર-૧૬ ટીમે ટોસ જીતીને બેટિંગ કરતાં પહેલા દાવમાં ૨૨૨ રન ખડક્યાં હતા જેના જવાબમાં ગાંધીનગરની પ્રથમ ઈનિંગ માત્ર ૧૭૨ રનમાં સમેટાઇ ગઇ હતી અને સુરતને ૫૦ રનની લીડ મળી હતી. બીજા દાવમાં યશ પંજવાણીની ૬ વિકેટ્સના તરખાટમાં સુરતની ટીમ ૧૬૪ રનમાં તંબુ ભેગી થઇ જતાં ગાંધીનગરને મેચ જીતવા માટે ૨૧૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. બીજા દાવમાં વેદ પટેલની ઝમકદાર ૯૭ રનની ઈનિંગ અને કર્મ પટેલના ૫૬ રન સાથે ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૬ની ટીમે સાત વિકેટ ગુમાવીને ૨૧૫ રન કરતાં ફાઈનલ મેચ ૩ વિકેટે જીતી લઈને ચેમ્પિયન બની હતી. આ સાથે ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશનની અન્ડર-૧૬ મેન ટીમે રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ મલ્ટિ-ડે ટુર્નામેન્ટની ટ્રોફી જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતું.



સેક્ટર-૧૨ રાજપુત સમાજ ભવન પાસે પાણીની પાઈપ લીકેજ થતાં છેલ્લા કેટલાક સમયથી અહીં પાણી ભરાય છે. સતત પાણી ભરાયેલુ રહેતુ હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ લીકેજ બંધ કરવા વસાહતીઓએ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.



જલારામ મહિલા મંડલ ગાંધીનગર તરફ થી ઉનાળા ની ગરમી મા રાહત મળે તે હેતુસર છાશ ના વિતરણ નુ આયોજન કરેલ.છાશ વિતરણ નુ સેવાકાયૅ ચરેડી વિસ્તાર ના શ્રમિક પરિવારો મા તથા મુક્તિધામ કામ કરતા શ્રમિક પરિવાર મા કરવા નુ આયોજન કરેલ આ કાર્યક્રમ મા પ્રમુખ મીતલ બેન રાણા ની સાથે કારોબારી ની બહેનોએ સહકાર આપેલ